


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 280
Dt.: 20-06-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓના મહત્વ પર ભાર મુક્યો

# હવે એ દિવસ દૂર નથી જ્યારે દેશમાં અંગ્રેજી બોલનારાઓને શરમ આવશે : અમિત શાહ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓને દેશની આત્મા અને ઓળખ ગણાવી, કહ્યું કે વિદેશી ભાષાઓ ભારતને સમજવા માટે પૂરતી નથી



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓના મહત્વ પર ભાર મૂકતા એક મોટું નિવેદન આપ્યું છે. નવી દિલ્હીમાં ભૂતપૂર્વ IAS અધિકારી આશુતોષ અગ્નિહોત્રીના પુસ્તક મૈં બૂંદ સ્વયં, ખુદ સાગર હૂં ના વિમોચન દરમિયાન, અમિત શાહે જણાવ્યું કે, "હવે એ દિવસ દૂર નથી જ્યારે અંગ્રેજી બોલનારાઓને શરમ આવશે." તેમણે ભારપૂર્વક કહ્યું કે ભારતીય ભાષાઓ દેશના આત્મા અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે, અને હવે સમય આવી ગયો છે કે આપણે આપણા ભાષાકીય વારસાને ફરીથી અપનાવીએ અને વિશ્વ સમક્ષ ગર્વથી આગળ વધીએ. ગૃહમંત્રી શાહે સ્પષ્ટપણે કહ્યું કે ટૂંક સમયમાં ભારતમાં એવો સમાજ બનાવવામાં આવશે, જેમાં અંગ્રેજી બોલનારાઓ પોતાને શરમ અનુભવવા લાગશે. તેમણે ઉમેર્યું, "જેઓ વિચારે છે કે પરિવર્તન થઈ શકતું નથી, તેઓ ભૂલી રહ્યા છે કે ફક્ત દૃઢ નિશ્ચયી લોકો જ પરિવર્તન લાવી શકે છે." શાહે ભારતીય ભાષાઓને આપણી સંસ્કૃતિના રત્નો ગણાવ્યા અને કહ્યું કે તેમના વિના આપણે ભારતીય રહી શકતા નથી.

અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે વિદેશી ભાષાઓ ક્યારેય ભારત, તેના ઈતિહાસ, તેની સંસ્કૃતિ અને ધર્મને સંપૂર્ણપણે સમજવા માટે પૂરતી ન હોઈ શકે. તેમણે કહ્યું, "અધૂરી વિદેશી ભાષાઓ દ્વારા ભારતને સંપૂર્ણપણે સમજી શકાતું નથી. હું જાણું છું કે આ સંઘર્ષ સરળ નથી, પરંતુ મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ભારતીય સમાજ ચોક્કસપણે આ યુદ્ધ જીતશે. આપણે આપણી પોતાની ભાષાઓમાં સ્વાભિમાનથી દેશ ચલાવીશું અને દુનિયાનું નેતૃત્વ પણ કરીશું." આ નિવેદન ભારતીય ભાષાઓના પુનરુત્થાન અને સ્વદેશી જ્ઞાન પરંપરાને પ્રોત્સાહન આપવાના સરકારના વ્યાપક દૃષ્ટિકોણનો એક ભાગ હોવાનું જણાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા પંચ પ્રાણ (પાંચ સંકલ્પો)નો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે આજે આ ૧૩૦ કરોડ ભારતીયોનો સંકલ્પ બની ગયો છે. તેમણે કહ્યું, "વિકસિત ભારતનું લક્ષ્ય, ગુલામીની દરેક માનસિકતામાંથી મુક્તિ, આપણા ભવ્ય ભૂતકાળમાં ગર્વ, એકતા અને અખંડિતતા પ્રત્યે સમર્પણ અને નાગરિકોમાં ફરજની ભાવના આ પાંચ પ્રતિજ્ઞાઓ સાથે, આપણે ૨૦૪૭ સુધીમાં વિશ્વના ટોચ પર હોઈશું. અને આપણી ભાષાઓ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે."

પુસ્તકના લેખક આશુતોષ અગ્નિહોત્રીના અનુભવો વિશે વાત કરતા ગૃહમંત્રીએ વહીવટી અધિકારીઓની તાલીમ પ્રણાલીમાં ફેરફાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "આજે પણ આપણી વહીવટી તાલીમમાં સહાનુભૂતિ માટે કોઈ સ્થાન નથી, કદાચ આ બ્રિટિશ યુગની વિચારસરણીનો પ્રભાવ છે." શાહે ઉમેર્યું કે જો કોઈ પ્રશાસક સહાનુભૂતિ વિના શાસન કરે, તો તે શાસનનો વાસ્તવિક હેતુ ક્યારેય પ્રાપ્ત કરી શકતો નથી. તેમણે સાહિત્યની ભૂમિકા પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે, "જ્યારે દેશ અંધકારમાં ડૂબેલો હતો, ત્યારે પણ સાહિત્યે આપણા ધર્મ, સ્વતંત્રતા અને સંસ્કૃતિની જ્યોતને પ્રજ્વલિત રાખી. સાહિત્ય એ સમાજનો આત્મા છે."

### સમય આવશે ત્યારે વાત કરીશ : થરૂર

# કોંગ્રેસમાં મારા મતભેદ છે, પક્ષમાં જ ચર્ચા કરીશઃ થરૂર



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર વિશેની સચોટ માહિતી વિશ્વ સુધી પહોંચાડવાના કેન્દ્ર સરકારના ડેલિગેશન મિશન બાદ કોંગ્રેસ સાંસદ શશિ થરૂર અને તેમના પક્ષ કોંગ્રેસ વચ્ચે અંતર સતત વધી રહ્યું છે. થરૂરે પણ સ્વીકાર્યું છે કે, અનેક મુદ્દાઓ પર તેમના વિચાર પક્ષથી અલગ છે. જેથી થરૂર અને કોંગ્રેસ વચ્ચે વધી રહેલું અંતર પક્ષ પલટાનો સંકેત આપી રહ્યું છે. હાલમાં જ શશિ થરૂરે મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું કે, હું છેલ્લા ૧૬ વર્ષથી કોંગ્રેસ સાથે કામ કરી રહ્યો છું. પક્ષની સાથે મારા કેટલાક મતભેદો છે. હું પક્ષ સાથે આ મુદ્દે ચર્ચા કરીશ. પરંતુ હાલ આ સમય નથી. સમય આવશે ત્યારે વાત કરીશ. (પક્ષના જવાબદાર લોકો) સાથે મળીને આ મુદ્દે ચર્ચા કરીશ. વડાપ્રધાન સાથે માત્ર સાંસદોના ડેલિગેશન મિશન સંબંધિત ચર્ચા થઈ હતી. જ્યારે પણ દેશ માટે કોઈ મુદ્દો ઉઠે ત્યારે આપણી જવાબદારી છે કે, આપણે દેશની સાથે ઉભા રહીએ. જ્યારે પણ દેશને મારી સેવાની જરૂર પડશે, હું હંમેશા તત્પર રહીશ. ઉલ્લેખનીય છે, કેન્દ્ર સરકાર દ્વારા આ ડેલિગેશન મિશનમાં થરૂરની પસંદગી થતાં કોંગ્રેસના અમુક નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસ નેતાઓએ થરૂરની ટીકા કરી હતી કે, વિદેશ જનારા પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસે થરૂરની ભલામણ ન કરી હોવા છતાં તેમની પસંદગી થઈ અને થરૂર વિશ્વમાં જઈને વડાપ્રધાન મોદી સરકારની વાહવાહી કરી રહ્યા છે. શશિ થરૂરે ડેલિગેશન મિશન દરમિયાન અનેક સ્થળોએ વડાપ્રધાન મોદીના વખાણ કર્યા છે. તેમણે એસ. જયશંકરને વિદેશ મંત્રી અને અશ્વિની વૈષ્ણવને રેલવે મંત્રી બનાવવાના નિર્ણય પર પણ આનંદ વ્યક્ત કર્યો હતો. આ બંને નેતા શશિ થરૂરના સારા મિત્ર છે. ત્યારબાદ થરૂર સમય-સમય પર વડાપ્રધાન મોદી અને તેમના નિર્ણયોના વખાણ કરતાં જોવા મળ્યા હતા. ભારતના સર્વદળીય પ્રતિનિધિમંડળમાં સામેલ થરૂરે પનામામાં ૨૦૧૬ અને ૨૦૧૯ની સર્જિકલ સ્ટ્રાઇકનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેથી કોંગ્રેસ નેતા ઉદિત રાજ થરૂરથી નારાજ થયા હતા. તેમણે ટીકા કરતાં થરૂરને ભાજપના પ્રવક્તા ગણાવ્યા હતા.

### સીટ વહેંચણી અંગે રાહુલ-તેજસ્વી વચ્ચે ડીલ ફાઈનલ!

# બિહારમાં મહાગઠબંધનની મોટી મૂંઝવણ દૂર થઈ ગઈ

### કોંગ્રેસ-આરજેડી આ વખતે ઓછી બેઠકો પર ચૂંટણી લડશે અને સીપીઆઈ (માલે)ને આ વખતે વધુ બેઠક મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. બંને ગઠબંધન ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત છે. જેડીયુની આગેવાનીવાળી એનડીએ સરકાર હાલ વિવિધ યોજનાઓ દ્વારા રોકડની વહેંચણી અને વિવિધ શિલાન્યાસ કાર્યક્રમથી મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન તેજસ્વી યાદવના નેતૃત્વવાળા ઈન્ડિયા ગઠબંધનમાં ૪ બેઠકો બાદ સીટ શેરિંગની ફોર્મ્યુલા નક્કી કરવાની પ્રક્રિયામાં લાગી ગઈ છે. તેજસ્વી યાદવે સહની અને પશુપતિ પારસ માટે કોંગ્રેસ અને વામદળો વચ્ચે સંમતિ બનાવી લીધી છે. ફોર્મ્યુલા અનુસાર, કોંગ્રેસ અને આરજેડી આ વખતે ૨૦૨૦ની તુલનામાં ઓછી બેઠકો પર ચૂંટણી લડશે. વળી, સીપીઆઈ (માલે)ને ગઈ વખતની તુલનામાં આ વખતે વધુ બેઠક મળશે. જણાવી દઈએ કે, ઈન્ડિયા ગઠબંધનમાં સીટ શેરિંગને લઈને ૧૨મી જૂને તેજસ્વી યાદવના ઘરે ચોથી બેઠક થઈ હતી. જેમાં તેજસ્વીએ તમામ પાર્ટી પાસેથી ચૂંટણી લડનારા ઉમેદવારોના નામ અને બેઠકોની વિગત માંગી હતી.

મીટિંગમાં કોંગ્રેસ અને સીપીઆઈ (માલે)એ બેઠકોની સંખ્યા અને પસંદ વિશે તેજસ્વીને માહિતી આપી હતી. કોંગ્રેસ પ્રભારી કૃષ્ણા અલ્લાવારૂ, પ્રદેશ અધ્યક્ષ રાજેશ કુમાર અને પાર્ટીના ધારાસભ્ય દળના નેતા શકીલ ખાને લાલુ યાદવ અને તેજસ્વી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન કોંગ્રેસે પોતાની બેઠકની યાદી આરજેડીને આપી હતી. મળતી માહિતી મુજબ, ૨૦૨૦માં જીતેલી ૧૯ બેઠકો સિવાય ૩૯ બેઠકોના નામ પણ આપવામાં આવ્યા છે. જેના પર તે ગત વર્ષે બીજા નંબર પર રહી. આ સિવાય વામદળોની અમુક બેઠકો પર પણ કોંગ્રેસે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

જણાવી દઈએ કે, કોંગ્રેસે ગઈ વખતે ૭૦ બેઠકો પર ચૂંટણી લડી હતી, એવામાં આ વખતે તેની વ્યૂહનીતિ એટલી જ બેઠકો પર ચૂંટણી લડવાની છે. જેના માટે કોંગ્રેસ તર્ક આપી રહી છે કે, ગઈ વખતે તેણે પોતાની પરંપરાગત બેઠકો છોડી હતી પરંતુ, આ વખતે તેને એ બેઠક જોઈએ છે. ગઈ વખતની હાર પર કોંગ્રેસે કહ્યું કે, તે એટલા માટે ચૂંટણી હારી કારણકે, પોતાની પરંપરાગત બેઠક સહયોગી પાર્ટીઓને આપવી પડી હતી.

આ સિવાય હવે મુકેશ સહની ૬૦ બેઠકોની માંગ કરી રહ્યા છે પરંતુ, તેજસ્વી તેમને ૧૫ બેઠક આપવા સંમત થઈ શકે છે. તેમજ વામ દળોમાં સીપીઆઈ (માલે)એ ૪૦ બેઠકોની માંગ કરી છે. જોકે, હજુ સુધી સીપીઆઈ અને સીપીએમ દ્વારા યાદી સોંપવામાં નથી આવી. એવામાં સવાલ થઈ રહ્યા છે કે, સીપીઆઈ (માલે), પશુપતિ પારસ અને સહનીને કોના ભાગની બેઠક આપવામાં આવશે? સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તેજસ્વી આ વખતે કોંગ્રેસને તેની મનપસંદ બેઠક આપી શકે છે પરંતુ, તેના બદલામાં તેને ૭૦ બેઠકો પર ચૂંટણી નહીં લડવા દે. તેજસ્વી કોંગ્રેસને ૫૫-૬૦ બેઠકો આપવાના મૂડમાં છે જેથી સહની અને માલેને વધુ બેઠક આપી શકાય. વળી આરજેડી ખુદ જે ગઈ વખતે ૧૪૪ બેઠકો પર ચૂંટણી લડી હતી તે આ વખતે ૧૩૦થી ૧૩૫ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. જેથી સહની અને પશુપતિ પારસને સન્માનજનક બેઠક આપી શકાય. આ સિવાય તેજસ્વી યાદવે આ વખતે બેઠકની વહેંચણી જીતના આધારે કરવાનું નક્કી કર્યું છે. તમામ પાર્ટી જીતની સંભાવનાના આધારે સાથે બેસીને બેઠકોની વહેંચણી કરશે. હાલ તો એવું નક્કી થયું છે કોણ કેટલી બેઠકો પર ચૂંટણી લડશે. પરંતુ, આ વખતે હારવાળી બેઠકો પર ઉમેદવાર બદલી શકાય તેવી સંભાવના છે.

# પુતિન અને શી જિનપિંગે ફોન પર કરી વાતચીત

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને અટકાવવા શાંતિદૂત બનવાની તત્પરતા દાખવી છે. હાલમાં જ બંને દેશોના વડાએ ફોન પર વાતચીત કરી ઈરાન પર ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાની નિંદા કરી હતી. તેમણે તણાવ ઘટાડવા અપીલ પણ કરી હતી. ક્રેમલિનના વિદેશ નીતિ સહાયક યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે, બંને નેતાઓ સંમત થયા હતા કે, ઈઝરાયલના આ પગલાં યુનાટેડ નેશન્સ ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે. યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના અન્ય ધોરણોનું ઉલ્લંઘન થયુ હોવાથી ઈઝરાયલની કાર્યવાહીની સખત નિંદા કરવામાં આવી હતી.પુતિન અને જિનપિંગે ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામ વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આ સમસ્યાને સૈન્ય બળથી ઉકેલી શકાય નહીં. તેના બદલે બંને દેશોએ પ્રદેશમાં વધી રહેલા તણાવને દૂર કરી રાજકીય સંબંધો સ્થાપિત કરવાની જરૂર છે. ઉલ્લેખનીય છે, ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામનો ઈઝરાયલ અને તેના સહયોગી પશ્ચિમી દેશો વિરોધ કરી રહ્યા છે. જેના લીધે ઈઝરાયલે ઈરાનની ન્યૂક્લિયર સાઈટ્સ અને સૈન્ય મથકોને ટાર્ગેટ બનાવી હુમલા શરૂ કર્યા છે. ફોન કોલ દરમિયાન જિનપિંગે રશિયાની મધ્યસ્થીના પ્રયાસોને ટેકો આપતાં કહ્યું હતું કે, મોસ્કો ઈરાન-ઈઝરાયલ વચ્ચેનો તણાવ ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શાંતિપૂર્ણ ઉકેલો સ્થાપિત કરી શકે છે. હાલમાં જ ઈરાન દ્વારા ઈઝરાયલની એક હોસ્પિટલમાં હુમલા બાદ IDF ભડકી ઉઠ્યું છે. આ હુમલાનો બદલો લેવાં ઈઝરાયલના રક્ષા મંત્રી કાટ્ઝે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈની હત્યાની ખુલ્લેઆમ ધમકી આપી દીધી છે. આ હુમલામાં ૪૭થી વધુ લોકોને ઈજા થઈ છે. કાટ્ઝે આ યુદ્ધ માટે ખામેનેઈને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, 'ઈરાનના કાયર સરમુખત્યાર એક કિલ્લેબંધીવાળા બંકરમાં બેસીને હોસ્પિટલો અને રહેણાંક ઈમારતો પર મિસાઈલો છોડી રહ્યા છે. આ સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે.'

### જસ્ટિસ યશવંત વર્માના કેસમાં મોટો ખુલાસો

# સ્ટોર રૂમમાં કેશનો ઢગલો જોનારા ૧૦ સાક્ષી સામે આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી દિલ્હીમાં જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાને આગ લાગ્યા બાદ સ્ટોર રૂમમાંથી મળી આવેલી લાખો રૂપિયાની બળી ગયેલી ચલણી નોટોના કેસની તપાસમાં સુપ્રીમ કોર્ટે દાવો કર્યો છે કે આ મામલાના ૧૦ સાક્ષીઓ છે.

જેમણે મોટી માત્રામાં રોકડ જોઈ હતી. તે બધા દિલ્હી ફાયર સર્વિસ (DFS) તેમજ દિલ્હી પોલીસના અધિકારીઓ છે. સમિતિએ જસ્ટિસ વર્માના વર્તનને અકુદરતી અને શંકાસ્પદ ગણાવ્યું છે અને તેમની સામે કાર્યવાહી કરવાની ભલામણ કરી છે.

માર્ચ ૨૦૨૫ જ્યારે જસ્ટિસ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાને અચાનક આગ લાગી ત્યારે આ રોકડ કૌભાંડનો મામલો સામે આવ્યો હતો.

આગ ઓલવવા પહોંચેલા દિલ્હી ફાયર સર્વિસ અને પોલીસ અધિકારીઓએ ત્યાં મોટી માત્રામાં રોકડ જોઈ, જેમાંથી અડધી બળી ગઈ હતી. કેટલાક સાક્ષીઓએ જણાવ્યું હતું કે રોકડનો ઢગલો લગભગ ૧.૫ ફૂટ ઊંચો હતો અને ૫૦૦ રૂપિયાની નોટો ચારે બાજુ વિખરાયેલી હતી. આ ઉપરાંત તપાસ સમિતિએ જણાવ્યું કે ફક્ત જસ્ટિસ વર્મા અને તેમના પરિવારના સભ્યો જ તે રૂમમાં પ્રવેશ કરી શકતા હતા. તેઓ બાદમાં રૂમ સાફ કરવામાં આવ્યા અને ત્યાંથી બધી નોટો ગાયબ થઈ ગઈ.

રોકડ જોનારા ૧૦ સાક્ષી : અંકિત સેહવાગ (ફાયર ઓફિસર, DFS), પ્રદીપ કુમાર (ફાયર ઓફિસર, DFS), મનોજ મહેલાવત (સ્ટેશન ઓફિસર, DFS), ભંવર સિંહ (ડ્રાઈવર, DFS), પ્રવીન્દ્ર મલિક (ફાયર ઓફિસર, DFS), સુમન કુમાર (સહાયક વિભાગીય અધિકારી, DFS), રાજેશ કુમાર (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, દિલ્હી પોલીસ), સુનિલ કુમાર (ઈન્ચાર્જ, ICPCR), રૂપ ચંદ (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, હેડ કોન્સ્ટેબલ), ઉમેશ મલિક (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, SHO).

તપાસ સમિતિએ જસ્ટિસ વર્મા કેસમાં કહ્યું કે, જસ્ટિસ વર્માએ ક્યારેય પોલીસ કે ઉચ્ચ ન્યાયિક અધિકારીઓને રોકડ રકમની રિકવરી અંગે જાણ કરી ન હતી. તેમજ સમિતિએ જજના રોકડ રકમની જાણ ન હોવાના દાવાઓને અવિશ્વસનીય ગણાવ્યા, એવું પણ કહેવામાં આવ્યું હતું કે જો આ કાવતરું હતું તો તેમણે અત્યાર સુધી ફરિયાદ કેમ ન કરી?

આ ઉપરાંત તપાસ સમિતિએ એવું પણ કહ્યું કે, જસ્ટિસ વર્માના અંગત સચિવ રાજિન્દર સિંહ કાર્કી અને તેમની પુત્રી દિયા વર્માએ પુરાવાનો નાશ કરવામાં ભૂમિકા ભજવી હોવી જોઈએ. તેમજ સ્ટોરરૂમમાં માત્ર પરિવારજનોને પ્રવેશ મંજૂરી હતી અને બાદમાં ત્યાંથી રોકડ ગાયબ થઈ જવી તેમજ ઘણા સ્વતંત્ર સાક્ષીઓની હાજરી અને ઘટના સ્થળના ફોટોગ્રાફ્સ અને વીડિયો કોઈપણ કાવતરાના દાવાને નકારી કાઢે છે.

### વિમાન દુર્ઘટનામાં Tata ગ્રૂપે કર્યો મોટો ખુલાસો

# એર ઈન્ડિયાના વિમાનમાં કોઈ ટેકનિકલ ખામી નહોતી

**“અમારું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર સારી સ્થિતિમાં હતું, તેમાં કોઈ જાળવણી સમસ્યા નહોતી : એન. ચંદ્રશેખર**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને ગયા અઠવાડિયે અમદાવાદમાં થયેલા હૃદયદ્રાવક એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના પર આખરે પોતાનું મૌન તોડ્યું છે. તેમણે બુધવારે આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, “અમારું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર સારી સ્થિતિમાં હતું, તેમાં કોઈ જાળવણી સમસ્યા નહોતી કે કોઈ પણ પ્રકારનો રેડ સિગ્નલ આપવામાં આવ્યો ન હતો. એન. ચંદ્રશેખરને વધુમાં કહ્યું હતું કે, “મેં જાતે બધા રેકોર્ડ તપાસ્યા – વિમાન, એન્જિન, પાઈલટ, બધું બરાબર હતું.” પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે આ અકસ્માત એટલો પીડાદાયક છે કે તે સાંભળીને મારું હૃદય ડૂબી ગયું. તેમણે કહ્યું હતું કે ટાટા ગ્રુપ પીડિતો સાથે ખભા મિલાવીને ઉભું છે.

૧૨ જૂનના રોજ, લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ટેકઓફ થયાના થોડા સેકન્ડ પછી અમદાવાદમાં ક્રેશ થઈ ગઈ. ૨૭૦ થી વધુ લોકો માર્યા ગયા – જેમાં મુસાફરો, ક્રૂ મેમ્બર્સ અને વિમાન ક્રેશ થયું તે ઈમારતમાં રહેતા લોકોનો સમાવેશ થાય છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સમગ્ર દેશ રડી પડ્યો. મીડિયા સાથે વાત કરતાં ચંદ્રશેખરને કહ્યું કે વિમાનમાં કોઈ સમસ્યા નહોતી. જમણું એન્જિન માર્ચ ૨૦૨૫ માં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું. ડાબું એન્જિન ૨૦૨૩ માં સર્વિસ કરવામાં આવ્યું હતું. બંને એન્જિનનો રેકોર્ડ સંપૂર્ણ હતો, કોઈ ચેતવણી કે ખામીનો કોઈ સંકેત નહોતો. બોઈંગ અને જીઈ ને જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ચંદ્રશેખરને બોઈંગ (જે વિમાન બનાવે છે) અને GE એરોસ્પેસ (જે એન્જિન બનાવે છે) ને સંપૂર્ણ તપાસ કરવા અને તેમના અન્ય કોઈપણ વિમાનમાં કોઈ ખામી છે કે કેમ તે જણાવવા કહ્યું છે. તેમણે કહ્યું, “અમે તેમને સ્પષ્ટપણે જણાવવા કહ્યું છે, જો કોઈ જોખમ હોય, તો અમે તેમને તે પણ આગળ લાવવા કહ્યું છે.” ભાવનાપૂર્ણ ચંદ્રશેખરને કહ્યું કે આ ઘટના તેમના માટે પણ આઘાતજનક છે. તેમણે કહ્યું, “ટાટાની એરલાઈનમાં આવું બન્યું તે ખૂબ જ દુઃખદ છે. અમારું હૃદય પીડિત પરિવારો માટે રડી રહ્યું છે. અમે તેમને અત્યારે અને ભવિષ્યમાં પણ શક્ય તેટલી મદદ કરીશું.”

### અમદાવાદ પ્લેન ક્રેશ બાદ એર ઈન્ડિયાનો મોટો નિર્ણય

# ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ૧૫ ટકાનો ઘટાડો કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાએ જાહેરાત કરી હતી કે તે આગામી થોડા અઠવાડિયા માટે તે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા વિમાનોના સંચાલનમાં ૧૫ ટકાનો ઘટાડો કરશે. આ ઘટાડો તાત્કાલિક અસરથી શરુ થયો છે અને જુલાઈ મહિનામાં લાગુ થઈ જશે. નોંધનીય છે કે, અમદાવાદ વિમાન દુર્ઘટના અને બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરમાં સુરક્ષા તપાસને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, એર ઈન્ડિયા તેના વાઈડ-બોડી એરક્રાફ્ટ એટલે કે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર, બોઈંગ ૭૭૭ અને એરબસ ૭૩૫૦થી દરરોજ લગભગ ૭૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. જોકે, પશ્ચિમી દેશોના રૂટ પર તાજેતરમાં એરસ્પેસ બંધ થવાને કારણે ફ્લાઈટનો સમય વધ્યો છે, જેના કારણે વિમાનોની ઉપલબ્ધતા પર અસર પડી છે. ઉપરાંત ૧૨મી જૂને અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI171ના અકસ્માત પછી બોઈંગ ૭૮૭ વિમાનોની સુરક્ષા તપાસ કરવામાં આવી રહી છે, જેના કારણે આ વિમાનોની ઉડાન ક્ષમતા મર્યાદિત થઈ ગઈ છે. બીજી જૂનથી ૧૭મી જૂન દરમિયાન વાઈડ-બોડી એરક્રાફ્ટ સાથે કુલ ૫૪૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરવાની હતી. તેમાંથી ફક્ત ૪૬૨ ફ્લાઈટ્સ પૂર્ણ થઈ શકી હતી, જ્યારે ૮૩ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. આ આંકડો ૧૫.૨% રદ કરવાનો દર દર્શાવે છે.


## પશ્ચિમ રેલ્વે દ્વારા વટવા ⇌ હુબ્લી જંક. વચ્ચે ટ્રેનની ટ્રીપ્સ લંબાવશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | ચાલવાના દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|
| 07334 | વટવા - હુબ્લી જંક. (સાપ્તાહિક વિશેષ) | સોમવાર | 14મી જુલાઈ, 2025 |
| 07333 | હુબ્લી જંક. - વટવા (સાપ્તાહિક વિશેષ) | રવિવાર | 13મી જુલાઈ, 2025 |

ટ્રેન નંબર 07334 ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ 20.06.2025 થી ખુલશે બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર. સમય, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ઉપરોક્ત ટ્રેન વિશેષભાડા પર વિશેષ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly • Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

## તંત્રી લેખ......

### ભારે વરસાદે અમદાવાદના તંત્રની પોલ ખોલી નાંખી

ગુજરાતમાં ચોમસાની જબરદસ્ત રીતે તોફાની એન્ટ્રી થઈ છે, કેટલાક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ છે તો વળી કેટલાક વિસ્તારોમાં વરસાદ આફતરૂપ બન્યો છે. ગઈરાત્રે પડેલા ભારે વરસાદે અમદાવાદના તંત્રની પોલ ખોલી નાંખી છે. ભારે વરસાદથી અમદાવાદના મોટાભાગના વિસ્તારમાં પાણી ભરાયા છે. જેમાં સૌથી વધુ પૂર્વ વિસ્તારમાં લોકોને હાલાકી પડી રહી છે. નિકોલ જળબંબાકાર થયુ છે તો વિરાટ નગરમાં હજુ પણ પાણી ભરાઈ રહેતા લોકોને હાલાકી પડી રહી છે. અમદાવાદમાં મોડી રાતે વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો જેના કારણે પૂર્વ વિસ્તારોમાં લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. નિકોલમાં તમામ રૉડ રસ્તા પર પાણી ફરી વળ્યા જેના કારણે ઓફિસ જતા આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નારોલમાં તો રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા.નારોલ થી વિશાલ તરફ જતા રસ્તા પર ઘૂંટણ સમા પાણી ભરાયા હતા. રસ્તા પર પાણીના વહેણ શરૂ થતા અનેક વાહનચાલકો અટવાયા હતા અને કેટલાક વાહનો પાણીમાં બંધ થયા હતા. મુકેશ ઈન્ડ્રસ્ટ્રીઝ પાસે મુખ્ય રસ્તો પાણીમાં ગરકાવ થયો છે. ચોમાસાના પહેલા વરસાદમાં જ એએમસીનો પ્રિમોનસૂન પ્લાન ધોવાઈ ગયો છે. પ્રિમોન્સૂન પ્લાન ગઈકાલ રાતથી જ પાણીમાં ધોવાઈ ગયો છે. AMCની વાર્તાઓ આ વર્ષે પણ પોકળ સાબિત થઈ છે. પહેલા ગટરીયા પાણી હવે વરસાદી પાણીથી રોડ રસ્તા જળબંબાકાર થયા છે. ગટર હોય કે વરસાદ પાણી નિકાલની ગોપાલ ચોકમાં કોઈ સુવિધા ન હોવાથી લોકો પરેશાની ભોગવી રહ્યાં છે. અમદાવાદમાં અડધી રાત્રે શહેરમાં વરસાદે તોફાની બેટિંગ કરી છે. અમદાવાદમાં ગાજવીજ અને પવના સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. જેમાં સૌથી વધારે વિરાટનગરમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ઓઢવ અને રામોલમાં ૩.૮ ઈંચ વરસાદ નોંધાયો છે. નિકોલમાં ૩.૭ ઈંચ વરસાદ વરસ્યો છે. તેમજ કઠવાડામાં ૩.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મીઠાખળી અને અખબારનગર અંડર પાસ બંધ કરાયા હતા. ગઈકાલે સમગ્ર દિવસ શાંત રહ્યા બાદ મોડી રાત્રે અમદાવાદમાં વરસાદે ધબધબાટી બોલાવી હતી. શહેરમાં સરેરાશ ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. વીજળીના જોરદાર કડાકા-ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. વીજળીના અવાજોથી ભયનો માહોલ સર્જાયો હતો. અનેક વિસ્તારોમાં બે ફૂટ સુધી પાણી ભરાતા લોકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વિવિધ ૯ જેટલા માધ્યમો ઉપરાંત ઘરે બેઠા e-KYC કરવાની સુવિધા

# રાજ્યના જરૂરિયાતમંદ સાચા રેશનકાર્ડ ધારકોએ લાભ લેવા e-KYC કરાવવું જરૂરી: રાજ્યમાં ૮૮ ટકા e-KYC પૂર્ણ : અન્ન- નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયા

### અત્યાર સુધીમાં કુલ ૩.૧૪ કરોડથી વધુ રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણઃ જૂન માસમાં જથ્થાની ફાળવણી સામે કુલ ૯૩.૪૦ ટકા અનાજ વિતરણ કરાયું

રાજ્યમાં એક સાચા લાભાર્થીની ઓળખ પ્રસ્થાપિત કરીને તેમને પૂરતો અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટે સરકારે e-KYCનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેથી જરૂરિયાતમંદ સાચા રેશનકાર્ડ ધારકોએ લાભ લેવા માટે e-KYC કરાવવું જરૂરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩.૧૪ કરોડ એટલે કે ૮૫.૮૦ ટકા NFSA રેશનકાર્ડ ધારકોએ e-KYC પૂર્ણ કર્યુ છે. જેમાં ૫,૭૦,૩૬૩ બાળકો તથા ૯૨,૪૨૧ સભ્યો, ૭૦ વર્ષથી મોટી ઉંમરના લાભાર્થીઓ ઉમેરાતા કુલ ૮૮ ટકા જેટલું e-KYC પૂર્ણ થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં રાજ્યભરમાં ચાલુ જૂન માસમાં જથ્થાની ફાળવણી સામે કુલ ૯૩.૪૦ ટકા અનાજ વિતરણ કરાયું છે. સરકાર પાત્રતા ધરાવતા તમામ સાચા રેશનકાર્ડ ધારકોને લાભ આપવા માટે હંમેશા કટિબદ્ધ છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓની ખરાઈ કરવા માટે આધાર આધારિત ચકાસણી કરવાની પ્રક્રિયા એટલે e-KYC તેમ,અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું.

મંત્રી શ્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે,નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧ ડિસેમ્બર-૨૦૨૩ અને તા.૧૯ માર્ચ-૨૦૨૪ના હુકમ તથા કેન્દ્ર સરકારના તા.૧૭ માર્ચ-૨૦૨૩ના પત્ર અન્વયે, રાજ્યના રેશનકાર્ડ લાભાર્થીની ખરાઈ કરવા, સાચા લાભાર્થીને લાભો પ્રાપ્ત થાય અને રેશનકાર્ડ લાભાર્થીઓનું ડુપ્લીકેશન ઘટે તે માટે e-KYCની કામગીરી છેલ્લા ૧.૫ વર્ષથી કરવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે રેશનકાર્ડ ધારકોના e-KYCની કામગીરી ઘરે બેઠા "My Ration" મોબાઈલ એપ્લિકેશનથી, નજીકનાં મામલતદાર/ઝોનલ ઓફિસ, ગ્રામ પંચાયત ખાતે ફ.ઝ.ઈ. દ્વારા, વાજબી ભાવનાં દુકાનદારો દ્વારા, શાળા/કોલેજના શિક્ષક અથવા સરકારી કર્મચારી દ્વારા "PDS Plus" મોબાઈલ એપ્લિકેશનથી થાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત e-KYCની કામગીરી વધુ ઝડપી અને સરળ રીતે થઈ શકે તે માટે પોસ્ટ વિભાગ મારફત પોસ્ટમેન ઘરે-ઘરે જઈને NFSA હેઠળના રેશનકાર્ડ લાભાર્થીઓનું "PDS Plus" મોબાઈલ એપ્લિકેશન વડે e-KYC કરાવી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. વધુમાં આધારકાર્ડમાં જરૂરિયાત મુજબનાં સુધારા-વધારા માટે પોસ્ટ વિભાગની મદદથી આધારકાર્ડની વિવિધ રજૂઆતોનું નિરાકરણ લાવવામાં આવે છે.જેનો મહત્તમ લાભ લેવા લાભાર્થીઓને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ NFSA કાર્ડધારકોને એપ્રિલ, મે અને જૂન-૨૦૨૫માં વિતરણ કરાયેલ જથ્થાની વિગતો આપતાં કહ્યું હતું કે, એપ્રિલ – ૨૦૨૫માં વિવિધ કોમોડીટીનું ૯૩.૪૨ ટકા વિતરણ કરાયું છે. કેન્દ્ર સરકાર દ્વારા મે તથા જૂન-૨૦૨૫ના એડવાન્સ ઘંઉ તથા ચોખાના જથ્થાની ફાળવણી કરવાનું જણાવ્યું હોવાથી મે-૨૦૨૫માં કુલ વિતરણ ૮૪.૮૧ ટકા તેમજ જૂન-૨૦૨૫માં ઘંઉ તથા ચોખાના જથ્થાની ફાળવણી સામે કુલ વિતરણ ૯૩.૪૦ ટકા થયુ છે.

આમ, નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ- NFSA : ૨૦૧૩ મુજબ દરેક સાચા લાભાર્થીને અનાજ મળી રહે તે માટે એફ.પી.એસ. સંચાલકો સહિત સમગ્ર પુરવઠા તંત્રએ સરાહનીય કામગીરી કરી છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

- જનક દેસાઈ

રાષ્ટ્રીય વિમાની દુર્ઘટનાના સમયમાં સિવિલ હોસ્પિટલ બન્યું આશાનું કમાન્ડ સેન્ટર

# સિવિલ હોસ્પિટલના કર્મચારીઓનો 'ગોલ્ડન અવર રિસ્પોન્સ': હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીના કારણે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેકને જીવતદાન મળ્યું

અમદાવાદમાં ઍર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ક્રૅશ થવાની દુઃખદ ઘટના બાદ સિવિલ હોસ્પિટલે પીડિતોને ઝડપી, સુચારુ અને સંવેદનશીલ તબીબી સંભાળ પૂરી પાડીને ઈમરજન્સી રિસ્પોન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિમાન ક્રૅશ પછીની કટોકટીની ક્ષણોને યાદ કરતાં મૅડિકલ સુપરિન્ટૅન્ડૅન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આ તેમની કારકિર્દીની સૌથી પડકારજનક પરિસ્થિતિ હતી, જેનું હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીને કારણે યોગ્ય સંચાલન થઈ શક્યું.

લંડન જતી ઍર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171, જેમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા, તે ૧૨ જૂનના રોજ ક્રૅશ થઈ હતી. આ દુઃખદ ઘટનામાં એક વ્યક્તિ સિવાય તમામના મૃત્યુ થયા હતા. ઘટનાસ્થળથી માંડ એક કિલોમીટરના અંતરે અમદાવાદ સિવિલ હોસ્પિટલ હતી, જેણે ઈમરજન્સી મૅડિકલ રિસ્પોન્સમાં મુખ્ય ભૂમિકા ભજવી.

ડૉ. રાકેશ જોશીએ આ દુર્ઘટના બાદ કટોકટીની ક્ષણો યાદ કરતાં જણાવ્યું હતું કે, "પહેલો દર્દી એક દાઝી ગયેલ સીઆરપીએફ જવાન હતો, જેને તાત્કાલિક સારવાર મળી અને ઘટનાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. તેમણે કહ્યું કે, "મને આ દુર્ઘટનાનો મેસેજ મળતાં જ હું ઓપરેશન થિયેટર છોડીને ટ્રોમા સેન્ટર ગયો અને તરત જ મારા અસિસ્ટન્ટને દરેક ઉપલબ્ધ ડૉક્ટર, નર્સ અને સપોર્ટ સ્ટાફને હાજર થાય તે માટે સૂચના આપી."

દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં જાનહાનિ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, હોસ્પિટલ વહીવટીતંત્રે ઝડપથી ગ્રીન કોરિડોર બનાવ્યો અને દરેક દર્દી માટે ચાર નિષ્ણાતો - EMD, ઑર્થોપેડિક્સ, ન્યુરોસર્જરી અને જનરલ સર્જરીની ટીમો નિયુક્ત કરી. ડૉ. રાકેશ જોશીએ ઉમેર્યું હતું કે, "શરૂઆતમાં દર્દીઓ જીવંત સ્થિતિમાં આવી રહ્યા હતા, પરંતુ ટૂંક સમયમાં જ મોટી સંખ્યામાં ગંભીર રીતે દાઝી ગયેલા અને મૃત દર્દીઓ આવવા લાગ્યા. ૩૦ મિનિટની અંદર, મુખ્ય સચિવ (આરોગ્ય) શ્રી ધનંજય દ્વિવેદી અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ રિયલ ટાઈમ માર્ગદર્શન અને સંકલન પૂરું પાડવા માટે હોસ્પિટલ પહોંચ્યા. આ ઉપરાંત, તાત્કાલિક દર્દી સંભાળ માટે ત્રણ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા અને છ ટ્રોમા મેનેજમેન્ટ ઝોનમાં ૪૦ સ્ટાફ સભ્યોને તૈનાત કરવામાં આવ્યા હતા."

હોસ્પિટલમાં આવનારા દરેક દર્દીને જરૂરી સંભાળનું સ્તર નક્કી કરવા માટે ઝડપી તપાસની કામગીરી કરવામાં આવી. દાઝી ગયેલા લોકોને બર્ન યુનિટમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય દર્દીઓ માટે યુદ્ધના ધોરણે સારવારની કામગીરી હાથ ધરવામાં આવી હતી. 'ગોલ્ડન અવર', એટલે કે આઘાતજનક ઘટના પછીનો પ્રથમ મહત્વપૂર્ણ કલાક કે જે બચવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે, આ ગોલ્ડન અવરમાં સરળ અને સતત સારવાર સુનિશ્ચિત કરવા માટે મેડિકલ સ્ટોર્સ સાથે તબીબી પુરવઠો અગાઉથી સંકલિત કરવામાં આવ્યો હતો.

મેડિકલ કોલેજનું બિલ્ડીંગ કે જ્યાં ૬૦-૭૦ વિદ્યાર્થીઓ ભોજન કરી રહ્યા હતા, ત્યાં પ્લેન ક્રૅશથી ભારે નુકસાન થયું અને જાનમાલની હાનિ ઉપરાંત ભારે ભાવનાત્મક નુકસાનની સ્થિતિ પણ સર્જાઈ હોવા છતાં, હોસ્પિટલની ટીમે અસાધારણ શિસ્ત સાથે કામ કર્યું. ડૉ. જોશીએ જણાવ્યું કે, "અમે અમારી તમામ શક્તિઓ કામે લગાડીને પ્રત્યેક કેસની સારવાર કરી. આ ખરેખર ટીમવર્ક હતું."

ઈમરજન્સી કેર ઉપરાંત, હોસ્પિટલે દર્દીઓ અને તેમના પરિવારજનોની ભાવનાત્મક સુખાકારી પર પણ ધ્યાન આપ્યું હતું. દર્દીઓના પરિવારજનોનો સક્રિય રીતે સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમના પ્રિયજનોની સ્થિતિ અંગે તેમને આશ્વસ્ત કરવામાં આવ્યા હતા. ગભરાટની પરિસ્થિતિને કાબૂમાં લેવા અને પરિવારજનોને માનસિક સહયોગ પૂરો પાડવા માટે કાઉન્સેલરોને તૈનાત કરવામાં આવ્યા હતા.

પોતાના સ્ટાફ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા ડૉ. જોશીએ જણાવ્યું કે, "ડોક્ટરોથી લઈને પેરામેડિક્સ સુધી, નર્સથી લઈને સપોર્ટ ટીમ સુધી, તમામ લોકો એકસાથે ઊભા હતા. અમને ખબર નહોતી કે કેટલા દર્દીઓ આવશે, પરંતુ અમે સુનિશ્ચિત કર્યું હતું કે કોઈની પણ સારવાર અટકે નહીં અને કોઈપણ જીવનની ઉપેક્ષા ન થાય. આ મારા જીવનનો સૌથી મુશ્કેલ પડકાર હતો- પરંતુ અમારી હોસ્પિટલ આ પરિસ્થિતિમાં અડીખમ ઊભી રહી."

આવી અણધારી અને મુશ્કેલ પરિસ્થિતિમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની નોંધપાત્ર કામગીરી ગુજરાતની આરોગ્ય સંભાળ માટેની સજ્જતા અને રાષ્ટ્રીય દુર્ઘટનાની ક્ષણોમાં જીવન બચાવવા માટેની તેની કરુણાપૂર્ણ પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

શુભમન ગિલ સાથે કરશે જીતની તૈયારી

# ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઈંગ્લેન્ડના લીડ્સ પરત ફર્યા

### ૨૦મી જૂને ભારત લીડ્સમાં પહેલી ટેસ્ટ મેચ રમશે

(સંપૂર્ણ સમાચાર સેવા)લીડ્સ

ભારતની પુરુષ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઈંગ્લેન્ડના લીડ્સ પરત ફર્યા છે અને શુક્રવારથી શરૂ થતી પ્રથમ ટેસ્ટ પહેલા તેઓ ટીમમાં જોડાયા છે. કોચ ગંભીર ગયા અઠવાડિયે ભારત પરત ફર્યા હતા કારણ કે તેમની માતા ખરાબ સ્વાસ્થ્યને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બેકેનહમમાં ઈન્ટ્રા-સ્ક્વોડ મેચ પહેલા ગંભીરે ટીમ છોડી હતી અને તેમની ગેરહાજરીમાં સહાયક કોચ રાયન ટેન ડોશેટે જવાબદારી સંભાળી હતી. ગૌતમ ગંભીર દેશમાં પરિસ્થિતિઓ બદલાતા ક્યારે પરત આવશે તે અંગેની કોઈ ચોક્કસ તારીખ આપવામાં આવી નહોતી, પરંતુ હવે તેઓ પરત ફરતા અંતિમ સમયે ટીમમાં કોઈ મહત્વના ફેરફારો હશે તે અંગે નિર્ણય લઈ શકે છે. નોંધનીય છે કે, રોહિત અને કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે અને હવે યુવા ટીમ એક નવો ઈતિહાસ રચવા માટે આગળ વધી છે. આ પ્રવાસ ગંભીર માટે મહત્વપૂર્ણ છે કારણ કે તેમના કોચિંગ કાર્યકાળની શરૂઆત મિશ્ર રહી છે. તેમના નેતૃત્વ હેઠળ ભારતે આ વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ભારતે તેમની છેલ્લી આઠ ટેસ્ટમાંથી પાંચ ટેસ્ટ હારી હતી, જેમાં ગયા વર્ષે ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે ઐતિહાસિક ક્લીન સ્વીપનો સમાવેશ થાય છે, જેના કારણે તેઓ ઉ્ઝ ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયા હતા. હવે જોવાનું એ રહે છે કે ટીમ ઈંગ્લેન્ડ સામે કેવી રીતે રમે છે. શુભમન ગિલની નવી કેપ્ટનશીપ હેઠળની આ શ્રેણી ભારતના ટેસ્ટ ક્રિકેટમાં એક નવા યુગની શરૂઆત કરશે, કારણ કે વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિચંદ્રન અશ્વિન આ ફોર્મેટમાંથી નિવૃત્ત થઈ ગયા છે. વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત હવે આ યુવા ટીમના સિનિયર સભ્યોમાંનો એક છે અને ગિલ સાથે નેતૃત્વ જૂથનો ભાગ છે, જેને વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બુધવારે, પંતે ભારતીય કેપ્ટન સાથેની તેની મિત્રતા અને મેદાન પર તેમની સાથેના સંબંધો વિશે વાત કરી હતી. પંતે કહ્યું હતુ કે, "મને લાગે છે કે હું અને શુભમન મેદાનની બહાર ખૂબ સારા મિત્રો છીએ. જો તમે મેદાનની બહાર સારા મિત્રો છો, તો તે મેદાન પર પણ પ્રતિબિંબિત થાય છે. આ એવી વસ્તુ છે જેમાં હું હંમેશા વિશ્વાસ રાખું છું."

# કાર રસ્તામાં ઊભેલી પીકઅપ વેનને અથડાતા ૮ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પૂણે

મહારાષ્ટ્રના પૂણેમાં બુધવારે (૧૮ જૂન) મોડી રાત્રે અકસ્માત થયો હતો. અહીં જેજૂરી મોરગાંવ રોડ પર પૂરપાટ ગતિએ દોડતી સિડાન કાર અને પિકઅપ વાન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૮ લોકોના મોત નિપજ્યાં હતા અને પાંચ ઈજાગ્રસ્ત થયા છે. જેમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. પૂણે ગ્રામીણના એસપી સંદીપ સિંહ ગિલે આ વિશે જાણકારી આપી છે. પોલીસે જણાવ્યું કે, આ અકસ્માત જેજુરી-મોરગાંવ રોડ પર થયો હતો. પૂણેથી મોરગાંવ જઈ રહેલી કાર જેજુરીથી મોરગાંવ જઈ રહી હતી. આ દરમિયાન કારે શ્રીરામ ઢાબા સામે એક પિકઅપ વાન સાથે ટક્કર મારી. કારમાં સવાર ચાર પુરૂષ અને એક મહિલા તેમજ પિકઅપ ચાલક અને ટ્રક પાસે ઊભેલા બે અન્ય લોકોના મોત નિપજ્યા હતા. હાલ, આ મામલે તપાસ ચાલી રહી છે. અકસ્માતની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી. ઘટનાસ્થળ પાસેથી મળતી માહિતી મુજબ, શ્રીરામ હોટેલની બહાર જ્યારે પિકઅપ ટેમ્પોમાંથી સામાન ઉતારવામાં આવી રહ્યો હતો, ત્યારે પાછળથી કારે જોરદાર ટક્કર મારી. અકસ્માત થતા જ ઘટનાસ્થળે ભીડ ભેગી થવા લાગી. પોલીસે પહોંચીને મૃતદેહો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલ્યા. બાદમાં ક્રેન બોલાવીને, કાર અને પિકઅપને રસ્તામાંથી દૂર કરવામાં આવ્યા.

BCCIને લાગ્યો મોટો ઝટકો

# IPLમાંથી બહાર કરેલી ટીમને ચૂકવવા પડશે રૂપિયા ૫૩૮ કરોડ

### BCCIએ આ ટીમને બહારનો રસ્તો બતાવ્યો હતો : હવે કોર્ટે ૫૩૮ કરોડના ઓર્બિટલ એવોર્ડને યોગ્ય જાહેર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોચી ટસ્કર્સ કેસમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની ઊંઘ હરામ થઈ છે. બોમ્બે હાઈકોર્ટે બોર્ડને મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે BCCIની અરજી ફગાવી દીધી છે અને કોચી ટસ્કર્સના માલિકોના પક્ષમાં અંતિમ ચુકાદો આપ્યો છે. હવે BCCIએ કોચી ટસ્કર્સને ૫૩૮ રૂપિયા ચૂકવવા પડશે. વર્ષ ૨૦૧૧માં BCCIએ આ ટીમને બહારનો રસ્તો બતાવ્યો હતો. હવે કોર્ટે ૫૩૮ કરોડ રૂપિયાના ઓર્બિટલ એવોર્ડને યોગ્ય જાહેર કર્યો છે.કોચી ટસ્કર્સે BCCI સામે કેસ દાખલ કર્યો હતો. આ ફ્રેન્ચાઈઝી ફક્ત એક જ સીઝનમાં જોવા મળી હતી અને ૮મા ક્રમે રહી હતી. કોર્ટે BCCIને હવે IPLમાંથી બહાર થયેલી ફ્રેન્ચાઈઝી કોચી ટસ્કર્સ કેરળને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. BCCIએ માત્ર એક સીઝન (૨૦૧૧) પછી ફ્રેન્ચાઈઝીનો કરાર રદ કર્યો હતો, જેમાં ટીમ પર કરારનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો કારણ કે તેણે સમયસર બેંક ગેરંટી સબમિટ કરી નહોતી, જે કરાર હેઠળ જરૂરી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું, 'આર્બિટ્રેશન એક્ટની કલમ ૩૪ હેઠળ આ કોર્ટનું અધિકારક્ષેત્ર ખૂબ જ મર્યાદિત છે. વિવાદના ગુણદોષની તપાસ કરવાનો BCCIનો પ્રયાસ કાયદાની કલમ ૩૪માં સમાવિષ્ટ આધારોના અવકાશની વિરુદ્ધ છે. પુરાવા અથવા ગુણદોષના સંદર્ભમાં આપવામાં આવેલા તારણો પ્રત્યે BCCIનો અસંતોષ એવોર્ડને લક્ષ્ય બનાવવાનો આધાર હોઈ શકે નહીં.'

૨૦૧૫માં BCCIને IPL ફ્રેન્ચાઈઝ કોચી ટસ્કર્સને ૫૫૦ કરોડ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. KCPLને ૩૮૪ કરોડ રૂપિયા અને રેન્ડેઝવસ સ્પોર્ટ્સને ૧૫૩ કરોડ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. ગવર્નિંગ કાઉન્સિલની બેઠક બાદ IPLના ચેરમેન રાજીવ શુક્લાએ પીટીઆઈને જણાવ્યું હતુ કે, "અમને મધ્યસ્થી લાહોટીનો અહેવાલ મળ્યો છે. મોટાભાગના સભ્યો મધ્યસ્થી રિપોર્ટ સામે અપીલ કરવાનો અભિપ્રાય ધરાવે છે. અમે કાનૂની અભિપ્રાય લઈ રહ્યા છીએ."

# સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજના ઓરાણ નજીક અનવરપુરા પાસે પુલમાં પડયું ગાબડુ: માર્ગ પંચાયત દ્વારા વારંવાર મરામત કરાવવા છતાં ગાબડુ પડતા તપાસની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે નં.૮ પરથી ઓરાણ જતા અનવરપુરા ગામ જવાના માર્ગ પર સુફલામ સુજલામ ની મસમોટી નહેર બનાવવામાં આવી છે.

આ નહેર પર બનાવવામાં આવેલો પુલ ઉપર ગાબડુ પડતા મોટી હોનારત સર્જી શકે છે.

પ્રાંતિજ થી અનવરપુરા અને ઓરાણ જવા માટે આ માર્ગ ઉપર રોજેરોજ ખેડુતો, વાહન ચાલકો અને ઢોર ઢાંખર લઈ જતા પશુપાલકો આ પુલ ઉપરથી અવાર નવાર પસાર થતા હોય છે ત્યારે આ પુલ ઉપર મોટુ ગાબડુ પડવાની શકયતા છે. પ્રાંતિજ થી અનવપુરા જવાના પુલના છેડે માટીનુ ધોવાણ થતા મોટુ ગાબડુ પડવાની શકયતા છે. ગ્રામજનોનુ કહેવુ છે કે ચોમાસામાં વારંવાર ગાબડુ પડે છે અને ગાબડુ પુરાણ કરવામાં આવે છે તેમ છતાં વારંવાર ગાબડુ પડી જતા માર્ગ મકાન પંચાયતની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. જે હોય તે પરંતુ તંત્ર દ્વારા વહેલીતકે પુલના ગાબડાની મરામત કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે. ગ્રામ જનોએ કહ્યુ હતુ કે અનવરપુરાથી પ્રાંતિજ આવવા માટે આ ગાબડુ પડી જવાને કારણે ૧૫ થી ૨૦ કિ.મી. દુર પ્રાંતિજ જવુ પડતુ હોય છે. અને જો આ પુલના ગાબડાનુ મરામત ઝડપી થાય તો લોકો માટે આ પુલ આવશ્યક નિવડે છે.

# મુખ્યમંત્રીએ ટેટ- ટાટ શિક્ષકોની ભરતી માટે કોઈ પ્રતિયુત્તર સારો ન આપતા શિક્ષકોમાં નારાજગી?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં શિક્ષક બનવા માંગતા યુવાનોની હાલત કફોડી બની છે. કારણ કે સરકાર દ્વારા ભરતીની જાહેરાત બાદ નિમણુંક કરાતી નથી, હજારો શાળાઓ એક શિક્ષકથી ચાલે છે આ બધુ જ સરકાર જાણે છે તેમ છતાં કંઈ પગલા લેતી નથી,

ત્યારે મુખ્યમંત્રીએ ગઈ કાલે બુધવારે ટેટ-ટાટ ઉમેદવારોની ભરતી અંગે આપેલા નિવેદનથી હોબાળો મચી જવા પામ્યો છે. મુખ્યમંત્રીનુ કહેવુ છે કે હવે સરકારી નોકરીઓ કેટલી આપીએ, સરકારી શાળાઓનો ક્રેસ ઘટી રહ્યો છે તો શિક્ષકોની ભરતી કરી શુ કરીએ ? ત્યારે સવાલ થાય છે કે આજે હજારો શાળામાં શિક્ષકોની ઘટ છે. તેમ છતાં આ સરકાર ભરતી કરતી નથી શું તેમને પગારનુ ભારણ વધી જવાનો ડર સતાવી રહ્યો છે ? ગઈ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યુ હતુ કે શિક્ષણ વિભાગમાં મને કંઈ ખબર પડતી નથી કયાંકથી શું આવીને ઉભુ થઈ જાય, રોજ ચાલુ ને ચાલુ, ટેટ-ટાટ ભરતીઓ ચાલુ છે તો પણ સરકારી નોકરી, સરકારી નોકરી, તમે તમારા ભાઈઓની નોકરી ઘટાડી રહ્યા છો, સરકારી શાળામાં લોકોનો ક્રેસ ઘટતો જાય છે તો સરકારી શાળામાં શિક્ષકોની ભરતી કેવી રીતે કરીએ, કામ એવુ કરો કે સરકારી શાળામાં વિદ્યાર્થીઓ વધુ ને વધુ આવે, તો નોકરી મળશે, સરકારી નોકરી થઈ થઈ ને કેટલી થવાની, ત્યારે આ રોજગારી ન આપતી સરકાર શું કામની તેવા સવાલો થઈ રહ્યા છે. ગુજરાત સરકાર શિક્ષકોને નોકરી આપવામાં છટકી રહી છે. સરકારની જવાબદારી છે કે રાજયના નાગરીકોને રોજગારી આપે પણ તે સતત પાછીપાની કરી રહી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કહી રહ્યા છે કે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ નથી આવતા, તો શિક્ષકોની ભરતી કેવી રીતે કરીએ, ગુજરાતમાં શાળા પ્રવેત્સોવ વર્ષ ૨૦૦૩ થી થાય છે. ખુદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી. જેને આજે ૨૩ વરસ જેટલો સમય વીતી ગયો છે તો સરકાર આટલા વરસોમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેમ વધારી ન શકી, કેમ વાલીઓનો વિશ્વાસ ન જીતી શકી? આટલા વરસો પછી વાલીઓ પોતાના સંતાનોને સરકારી શાળામાં ભણાવવા ઈચ્છતા નથી, મતલબ આ સરકારની નિષ્ફળતા છે. લોકોને ખબર છે કે સરકારી શાળામાં શિક્ષણ સારૂ મળતુ નથી, એક થી વધુ વિષય એક જ શિક્ષક ભણાવે છે જેથી શિક્ષણની ગુણવત્તા કથળી રહી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો. ૯૭૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા: સોનાના વાયદામાં રૂ.૧૧૭ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૨૭૫નો ઘટાડો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૮૩૫.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૭૩૩૪.૭૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૨૬૫.૩૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૦૯૫ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૯૧૭૩.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૮૩૫.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૭૩૩૪.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો ૨૩૦૯૫ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૬૫.૩૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૨૬૫.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૨૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૫૬૫ અને નીચામાં રૂ.૯૮૬૭૫ના મથાળે અથડાઈ, રૂ.૯૯૫૩૭ના આગલા બંધ સામે રૂ.૧૧૭ ઘટી રૂ.૯૯૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૭૯૬૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૮ ઘટી રૂ.૯૯૭૧ થયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧ ઘટી રૂ.૯૮૯૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૦૧૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૪૮૦ અને નીચામાં રૂ.૯૮૪૭૦ના મથાળે અથડાઈ, રૂ.૯૯૨૫૮ના આગલા બંધ સામે રૂ.૧૯૧ ઘટી રૂ.૯૯૦૬૭ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૦૮૧૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૪૪૪ અને નીચામાં રૂ.૧૦૬૯૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૮૫૬૬ના આગલા બંધ સામે રૂ.૧૨૭૫ ઘટી રૂ.૧૦૭૨૯૧ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૧૨૪૧ ઘટી રૂ.૧૦૬૯૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૧૨૬૯ ઘટી રૂ.૧૦૬૯૨૩ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૪૬૬.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૬૩૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૪૬૭ અને નીચામાં રૂ.૬૩૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૬૩૩૪ના આગલા બંધ સામે રૂ.૧૨૬ વધી રૂ.૬૪૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૩૧ વધી રૂ.૬૪૫૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૮ વધી રૂ.૩૪૬.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૧.૮ વધી રૂ.૩૪૬.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૨૨.૯ના ભાવે ખૂલી, રૂ.૨.૫ ઘટી રૂ.૯૨૦ થયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો ખાંડીદીઠ રૂ.૧૫૦ ઘટી રૂ.૫૩૦૦૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૮૨૭.૪૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૪૩૭.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૧૬.૪૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૨.૧૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૯.૧૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૭.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૪૪.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૨૧.૭૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૬૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૩૬૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૩૬૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૨૬૭૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૬૨૭૫૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૦૦૯૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૪૬૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૫૭૩૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૫૧૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૨૩૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૨૨૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો ૨૩૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૫૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૯૫૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૮ પોઈન્ટ ઘટી ૨૩૦૯૫ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૨ વધી રૂ.૪૮૯.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા વધી રૂ.૭.૫ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭ ઘટી રૂ.૯૬૫.૫ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૬.૫ ઘટી રૂ.૫૭૦ થયો હતો. તાંબું જૂન રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪૭ ઘટી રૂ.૬ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૧.૨૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૦૫ વધી રૂ.૪૫૭.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા વધી રૂ.૯.૮૫ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨.૫ ઘટી રૂ.૯૬૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૪.૫ ઘટી રૂ.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૬.૧ ઘટી રૂ.૪૫૭.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૬.૫૫ થયો હતો.

સોનું જૂન રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૫૬૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૩.૫ વધી રૂ.૧૧૩૬ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૩.૪૧ થયો હતો. જસત જૂન રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા વધી રૂ.૪.૩ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૬૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૮૫ ઘટી રૂ.૪૬૦.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૬.૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭.૫ ઘટી રૂ.૫૨૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૭૨.૫ થયો હતો.

## વિસાવદરમાં કિરીટ પટેલ ભાજપના નિશાન સાથે પહોચ્યા મતદાન મથક : ગોપાલ ઈટાલીયાએ કહ્યું કિરીટ પટેલને જવાબ આપવો પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે ગુરૂવારે વિસાવદર અને કડી વિધાનસભાની પેટા ચુંટણી યોજાઈ હતી. બંને વિધાનસભા બેઠકો પર મતદાન ચાલી રહ્યુ હતું જેમાં કડી બેઠક પર કુલ મતદારોની સંખ્યા ૨,૮૯,૭૪૬ છે. તો વિસાવદર બેઠક પર કુલ મતદારોની સંખ્યા ૨,૬૧,૦૫૨ છે. વિસાવદરમાં ૨૯૭ મતદાન મથકો પર મતદાન અને કડીમાં ૨૯૪ મતદાન મથકો પર મતદાન ચાલી રહ્યુ હતુ આમ તો વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ જોવા મળ્યો હતો.




આજે મતદાનના દિવસે આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે રાજકારણ ગરમાયુ હતું વિસાવદર બેઠક માટે હાઈ પ્રોફાઈલ ઉમેદવારો મેદાનમાં હતા. ભાજપે કિરીટ પટેલ, કોંગ્રેસના નિતીન રાણપરીયા અને આમ આદમી પાર્ટીમાંથી ગોપાલ ઈટાલીયાને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા ત્યારે આજે મતદાનના દિવસે ભાજપ ઉમેદવાર કિરીટ પટેલ મતદાન કરવા પહોચ્યા હતા. તેઓ પોતાની પાર્ટી કે ચુંટણીના નિશાન સાથે મતદાન મથકે પહોચ્યા હતા. સામાન્ય રીતે કોઈપણ ચુંટણીમાં તમે મતદાન માટે જાવ તો આ પ્રકારના પાર્ટીના નિશાન સાથે ન જઈ શકાય, કિરીટ પટેલ પોતાના શર્ટ પર એક કમળનુ બ્રોચ લગાવી પહોચ્યા હતા. ચુંટણી કમિશનના નિયમ પ્રમાણે તમે આ રીતે મતદાન મથક પર પોતાના પક્ષના નિશાન સાથે ન જઈ શકો, મતદાન મથકો પર ૨૦૦ મીટર દુર તમે આ નિશાન બતાવી શકો પણ તેના ૨૦૦ મીટરના ઘેરામાં ન બતાવી શકો, આ મામલે ગોપાલ ઈટાલીયાએ પ્રતિક્રિયા આપી હતી અને તેમના સોશીયલ મીડીયામાં એક પોસ્ટ કરી હતી અને તેમાં તેમણે લખ્યુ હતુ કે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલ મતદાન કેન્દ્રની અંદર ખુલ્લેઆમ પ્રચાર કરી રહ્યા છે અને આખુ સરકારી તંત્ર ધુતરાષ્ટ જેમ અંધ બની ગયુ છે. મિત્રો ન્યાય હવે તમારે કરવાનો છે, મતદારોએ યોગ્ય નિર્ણય કરીને મતદાન કરવાનો સમય છે.

## વિસાવદર પેટા ચુંટણીમાં ગ્રીન ઈલેકશન થીમ પર મતદાન મથકો : મતદારોને ભેટ માં છોડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વિસાવદર વિધાનસભા પેટા ચુંટણીને માત્ર લોકશાહીના પર્વ તરીકે જ નહી પરંતુ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે ઉજવવામાં આવી હતી. વિસાવદર શહેરી વિસ્તારના ૧૭ મતદાન મથકોને ગ્રીન ઈલેકશન થીમ પર સુશોભિત કરવામાં આવ્યા હતા. જે મતદારોમાં પર્યાવરણ જાગૃતિ લાવવાનો અનોખો પ્રયાસ હતો.




આ નવતર પ્રયોગ અંતર્ગત દરેક મતદાન મથક પરથી મતદાન કરવા આવનાર દરેક મતદારને ભેટ સ્વરૂપે એક છોડ આપવામાં આવતો હતો. આ પહેલ પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે જે રીતે લોકશાહીમાં મતદાન અત્યંત આવશ્યક છે તેવી જ રીતે પર્યાવરણના જતન માટે વૃક્ષોનુ વાવેતર પણ એટલુ જ અનિવાર્ય છે. વહિવટી તંત્ર દ્વારા પર્યાવરણના જતન માટે આ સંદેશ આપવા માટે આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.

વિસાવદર શહેરી વિસ્તારના આ વિશેષ મતદાન મથકો પર મતદારોને છોડનુ વિતરણ કરીને પર્યાવરણ બચાવવા માટેનો એક પ્રેરણાદાયક પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. આ પહેલ દ્વારા ચુંટણી પ્રક્રિયાને પર્યાવરણ સાથે જોડીને એક સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પહેલને પ્રોત્સાહન આપવા માટે જુનાગઢ જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) એ પણ વિસાવદર વિધાનસભા પેટા ચુંટણીના એક બુથ પર પ્રતિકાત્મક રીતે વૃક્ષનુ વાવેતર કર્યુ હતું આનાથી પર્યાવરણ સંરક્ષણના સંદેશને વધુ વેગ મળ્યો હતો. વહિવટી તંત્રની આ અનોખી પહેલને મતદારો તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

## ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓમાં બપોરે ૩ વાગ્યા સુધીમાં કડીમાં ૪૬.૩૩ ટકા અને વિસાવદરમાં ૪૭.૬૭ ટકા મતદાન નોંધાયુ હતું : મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતના કડી અને વિસાવદર સહિત દેશના ૪ રાજયોની પાંચ વિધાનસભા બેઠકો પર પેટા ચુંટણી યોજાઈ હતી. મતદારો મતાધિકારનો ઉપયોગ કરીને પોત પોતાના સ્થાનિક ઉમેદવારોનુ ભાવિ નકકી કરી રહ્યા હતા.

આ ચુંટણીના પરીણામ ૨૩ જુને આવશે. મતદાનની શરૂઆત આજે ગુરૂવારે સવારના ૭ વાગ્યાથી શરૂ થઈ હતી. વિસાવદર વિધાનસભા પેટા ચુંટણીનુ મતદાન સવારે ૭ થી ૩ વાગ્યા સુધીમાં ૪૭.૬૭ ટકા મતદાન નોંધાયુ હતું.

તો બીજી તરફ વિસાવદર બેઠક પર સવારે ૭ થી ૩ વાગ્યા સુધીમાં ૪૭.૬૭ ટકા મતદાન નોંધાયુ હતું. આજે ગુરૂવારે વિસાવદર અને કડી વિધાનસભા ની પેટા ચુંટણી માટે મતદાન યોજાયુ હતું. બંને વિધાનસભા બેઠકો પર મતદાનને લઈ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જુનાગઢના વિસાવદર વિધાનસભા પેટા ચુંટણીમાં મતદારો મતદાન કરવા માટે ભારે ઉત્સાહ સાથે મતદાન કરવા પહોચ્યા હતા. વિસાવદર બેઠક પર સવારે ૭ થી ૩ વાગ્યા સુધીમાં ૪૭.૬૭ ટકા મતદાન નોંધાયુ હતું. આ મતદાન પ્રક્રિયા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે યોજાયુ હતું.

મહેસાણા જિલ્લાની કડી બેઠક પર પણ આજે ગુરૂવારે મતદાન યોજાયુ હતું. કડી બેઠક પર બપોરના ૩ વાગ્યા સુધી ૪૬.૩૩ ટકા મતદાન નોંધાયુ હતું. ભાજપના રાજેન્દ્ર ચાવડા અને કોંગ્રેસ ના રમેશ ચાવડા વચ્ચે સીધી ટકકર હતી. આજે ગુરૂવારે સાંજે ૮ ઉમેદવારોનુ ભાવિ ઈવીએમમાં સીલ થઈ જશે. ૧૦૬ સંવેદનશીલ મથકો પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેર ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, કડી વિધાનસભામાં કુલ ૨,૮૯,૯૨૭ મતદારો ૨૯૪ મતદાન મથકો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧૦૬ સંવેદનશીલ બુથ પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

કડી તાલુકા અને શહેરના મતદાન મથકો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. ચુંટણી પ્રક્રિયા દરમિયાન ૧૯૦૦ કર્મચારીઓ ફરજ પર તૈનાત કરાયા હતા.


**પશ્ચિમ રેલ્વે અમદાવાદ વિભાગ**

**વિદ્યુત કાર્ય**

ઇ- ટેન્ડર - નોટિસ નંબર. Sr.DEE/ADI/10(25-26) તારીખ- 18.06.2025 ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-13-2025-26 કામનું નામ: ગાંધીધામ ખાતે ફેઝ II માલ જાળવણી માટે માળખાગત સુવિધાઓના વિકાસ સાથે સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય અને વટવા, મણિનગર, અસારવા, ચાંદલોડિયા અને હિમતનગરના ગાર્ડશન ખાતે દિવ્યાંગજન માટે પીએફ સપાટીમાં સુધારો કરવા સાથે ટ્રેન સૂચક અને લાઇટિંગ વ્યવસ્થા પૂરી પાડવી. અંદાજિત કિંમત: રુ. 3,66,73,853/ EMD : રુ. 3,33,400/ જમા કરાવવાની તારીખ અને સમય: તા. 15.07.2025 ના 15:00 કલાક પછી નહીં. ખુલવાની તારીખ અને સમય: તા. 15.07.2025 ના 15.30 કલાકે. ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, D.R.M. ઓફિસ (W.R.). ચામુંડા પુલ પાસે; G.C.S. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345. વેબસાઇટની વિગતો: www.ireps.gov.in

081

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## છેલ્લા ૨૪ કલાકમાં ડાંગ-આહવા તાલુકામાં તેમજ વલસાડના કપરાડામાં ૯.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો

ચોમાસાની ઋતુ શરૂ થતાંની સાથે જ આજે તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ એકંદરે ૧૧૩.૬૩ મિમિ એટલે કે ૧૨.૮૭ ટકા જેટલો નોંધાયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના રિપોર્ટ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના ડાંગ જિલ્લાના ડાંગ-આહવા તાલુકામાં સૌથી વધુ ૯.૮ ઈંચ અને વલસાડના કપરાડા તાલુકામાં ૯.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાજ્યના અન્ય તાલુકાઓમાં, છેલ્લા ૨૪ કલાકમાં ડાંગના વઘઈ અને સુબીર તાલુકામાં ૭ ઈંચથી વધુ તેમજ વલસાડના ધરમપુર અને નવસારીના વાંસદા તાલુકામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત નવસારીના ખેરગામ અને તાપીના ડોલવણ તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. વધુમાં, ગાંધીનગરના માણસા, દેહગામ અને ગાંધીનગર તાલુકામાં, ગીર સોમનાથના સુત્રાપાડા અને પાટણ-વેરાવળમાં, વલસાડના પારડી અને વાપીમાં, પંચમહાલના ગોધરા તથા નવસારીના ચિખલી તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. તદુપરાંત રાજ્યના ૧૭ તાલુકામાં બે ઈંચથી વધુ, ૩૭ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૮૯ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુલ ૨૭ જિલ્લાના ૧૬૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. SEOCના અહેવાલ મુજબ આજે સવારે ૬.૦૦ થી ૧૦:૦૦ કલાક સુધીમાં સુરતના ઓલપાડ, વલસાડના ધરમપૂર તેમજ ભરૂચના હાંસોટ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ભરૂચના વાલીયામાં તેમજ સુરતના ઉમરપાડા તાલુકામાં પણ ૨.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

-જીગર બારોટ


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

**"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"**

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

જૂન -૨૦૨૫ માસમાં જુલાઈ અને ઑગસ્ટ -૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૦/૦૬/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

અંતર્ગત જુલાઈ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જૂન-૨૦૨૫ રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.( ) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

**- અગત્યની સૂચના**

- જૂન માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો જુલાઈ અને ઑગસ્ટ માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરિત કરવામાં આવતા જૂન માસના તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ જૂન માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઑથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

➡ રાજ્ય ચૂંટણી પંચની તા.૦૭/૦૬/૨૦૨૫ અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ગુજરાત રાજ્યની તા.૧૧/૦૬/૨૦૨૫ થી પ્રસિદ્ધિ માટે મંજૂરી મેળવવામાં આવેલ છે

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.

# ગુજરાતમાં ભ્રષ્ટ અધિકારીઓ સામે એસીબીની તપાસ ના જવાબના આધારે નકકી કરાશે

### ગુજરાત સરકારના ઓપરેશન ગંગાજળ બાદ અનેક અધિકારીઓ સામે અરજીઓ આવતા પ્રાથમિક તપાસ સંદર્ભે ગાઈડલાઈન જાહેર : મુખ્યમંત્રી કે મંત્રીઓ તેમજ કર્મચારીઓ વિરૂધ્ધ ફરીયાદ થાય તો વિભાગના સચિવે તપાસ કરવી પડશે



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામેની પ્રાથમિક તપાસ સંદર્ભે સરકારે નવેસરથી સુચનાઓ જારી કરી છે. જેમાં ફરીયાદની અરજી સંદર્ભે એસીબી કે અન્ય એજન્સી મારફતે વધુ તપાસ કરાવવી જરૂરી લાગે તો તે પહેલા આક્ષેપિત અધિકારી / કર્મચારીને શો કોઝ નોટીસ પાઠવી તેમના જવાબના આધારે એસીબીને તપાસ સોંપવી કે અરજી દફતરે કરવી તેનો નિર્ણય લેવાનો રહેશે તેવુ નકકી કરાયુ છે. તે સાથે કોઈ પ્રમાણિક અધિકારી બિનજરૂરી પરેશાન ન થાય અને ખોટી ફરીયાદ કરનારાને ઉત્તેજન ન મળે તેની તકેદારી રાખવા પણ જણાવાયુ છે. મુખ્યમંત્રી કે મંત્રીએ અધિકારીઓ કે કર્મચારીઓ સામે તપાસની સુચના આપી હોય તો વિભાગના સચિવે તપાસ કરાવી પોતાનો સ્પષ્ટ અભિપ્રાય સાથે તેમને તપાસ અહેવાલ રજુ કરી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે તેવુ પણ જણાવાયુ છે. સરકારમાં ઓપરેશન ગંગાજળ ચાલી રહ્યુ છે અને અનેક અધિકારી / કર્મચારીઓ સામે આક્ષેપો કરતી સાચી ખોટી અરજીઓ સરકારને મળી રહી છે. તે સંજોગોમાં સરકારના સામાન્ય વહિવટ વિભાગે અગાઉના કેટલાક ઠરાવ-પરીપત્રો રદ કરીને ૧૭/૬/૨૦૨૫ એ જારી કરેલી પ્રાથમિક તપાસ અંગેના નવા નિયમો જાહેર કર્યા છે. તેમાં જણાવાયુ છે કે ફરીયાદ કરનારાની ઓળખ ગુપ્ત રહે તે બાબતે શિસ્ત અધિકારીએ કાળજી લેવાની રહેશે. જો જે તે કર્મચારી સામે અન્ય કોઈ કચેરીમાં અરજી મળે તો તે વિભાગના વડાએ પોતે કોઈ તપાસની કાર્યવાહી કર્યા વિના સંબંધીત વિભાગના વડાને મોકલી આપવાની રહેશે. જે અરજી કે ફરીયાદો નામી એટલે કે સાચા નામ-સરનામા સાથેની હશે તેમાં આક્ષેપો અંગે તપાસ જરૂરી છે કે દફતરે કરવા લાયક છે તે અંગે વિભાગના વડાએ મહત્તમ એક મહિનામાં નિર્ણય લેવાનો રહેશે. બેનામી અરજીની ફરીયાદમાં દ્વેષ વૃત્તિ હોય કે કોઈ તથ્ય ન હોય તો તેને સીધી દફતરે કરવાની રહેશે.

નામી અરજીમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના કેસમાં વિભાગના સચિવ અને વર્ગ ૩ ના કર્મચારીઓના કેસમાં ખાતાના વડા કે નિમણુંક અધિકારી નિર્ણય લઈ શકશે. વર્ગ-૪ ના કર્મચારી કેસમાં વર્ગ-૨ થી નીચલી કક્ષાના ન હોય તેવા વહિવટી કે કચેરીના વડા આખરી નિર્ણય લઈ શકશે. અરજદારને રજુઆત કરવાની યોગ્ય તક આપ્યા બાદ હાજર ન થાય કે વ્યાજબી પુરાવા ન આપે તો ફરીયાદની પ્રાથમિક ખરાઈ કરીને તેને દફતરે કરવી કે તપાસ માટે ભલામણ કરવી તેનો નિર્ણય લેવાનો રહેશે.

પ્રાથમિક તપાસ વધારેમાં વધારે ૬ મહિનામાં પુરી કરવાની રહેશે, પ્રાથમિક તપાસ સામાન્ય રીતે ૩ મહિનામાં અને વધુ તપાસની જરૂર જણાય તો મંજુરી લઈ મહત્તમ કુલ ૬ મહિનામાં તપાસ પૂર્ણ કરવાની રહેશે, ખાતાની પધ્ધતિ / નિયમોથી જાણકાર નિષ્પક્ષ અધિકારીને નામજોગ તપાસ સોંપવી, તપાસ બાદ ખાતાકીય કે અદાલતી કાર્યવાહી કરવાની થાય તો અહેવાલ ચોકસાઈભર્યો જરૂરી, આક્ષેપિત કર્મચારીની ફરીયાદ સામેનો ખુલાસો મહત્તમ ૩૦ દિવસમાં મેળવવો અને કર્મચારી દોષિત જણાય તો તેના ખુલાસા માટે ૧૫ દિવસનો સમય આપવો.

### સાંજે ૫ વાગ્યા સુધીમાં વિસાવદરમાં ૫૪.૬૧ ટકા અને કડી માં ૫૪.૪૯ ટકા મતદાન નોંધાયુ હતું

# વિસાવદરના મતદાન મથકો પર મતદાન પૂર્ણ થવાના એક કલાક અગાઉ લાઈવ સ્ટ્રીમીંગ બંધ : ગોપાલ ઈટાલીયાના ચુંટણીપંચ પર આક્ષેપ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર આજે ગુરૂવારે પેટા ચુંટણી માટે મતદાન યોજાયુ હતું બંને બેઠકો ઉપર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે રસપ્રદ ત્રિપાંખીયો જંગ જોવા મળ્યો હતો. અત્યારે સૌથી વધુ વિસાવદરમાં છેલ્લે છેલ્લે ગરમ જોવા મળ્યો હતો. વિસાવદરમાં આમ આદમી પાર્ટી દ્વારા મતદાનના એક કલાક બાદ આક્ષેપ કરવામાં આવ્યો હતો એટલુ જ નહી પરંતુ પોલીસ પણ ભાજપ સાથે મળીને કામ કરી રહી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

તેવામાં હવે જયારે મતદાન પૂર્ણ થવાનુ આવ્યુ ત્યારે આમ આદમી પાર્ટી ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ વિસાવદરમાં પોલીંગ બુથના સીસીટીવી ઈલેકશન કમિશન દ્વારા બંધ કરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો કર્યા હતા.

ગોપાલ ઈટાલીયાએ ટવીટ કરીને વિડીયો શેર કરતા લખ્યુ છે કે છેલ્લા એક કલાકથી ચુંટણીપંચે વિસાવદરના મતાદન મથકો પરથી લાઈવ સીસીટીવી કુટેજ બંધ કરી દીધા હતા. લાઈવ સ્ટ્રીમીંગ બંધ કર્યા બાદ, બાધાનીયા બુથ પર ભાજપના કાર્યકરને નકલી મતદાન ન કરવા દેવા બદલ પ્રમુખ અને પોલીસ ને માર મારવામાં આવ્યો હતો. શું ચુંટણીપંચે ભાજપના ફાયદા માટે આ નવી રમત રમી છે ? તો બીજી તરફ આમ આદમી પાર્ટી નેતા પ્રવિણરામ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે હાર ભાળી ગયેલા ભાજપના નેતાઓ આવી ગયા હલકાઈ પર, નવા વાઘાણીયા બુથ નં.૧૧૧ પર ૩૫ થી ૪૦ લોકોના ટોળાએ આવી હાજર કર્મચારી સાથે મારામારી કરી બોગસ વોટીંગ કરાવવાના પ્રયત્નો કર્યા હતા અંતે મતદાન અટકાવવામાં આવ્યુ હતું.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે વિસાવદર વિધાનસભામાં બોગસ વોટીંગ કરાવવા માટે બહારના જિલ્લાઓની ગાડીઓ ફરી રહી હતી. બળજબરીપૂર્વક બુથમાં પ્રવેશ કરવાના પ્રયત્નો થયા હતા, ૪ વાગ્યા બાદ સાંઢની માફક આ લોકો બેફામ બન્યા હતા, સાંજે ૫ વાગ્યા સુધીમાં વિસાવદરમાં ૫૪.૬૧ ટકા અને કડી માં ૫૪.૪૯ ટકા મતદાન નોંધાયુ હતું.

# અંકલેશ્વર નગરપાલિકામાં ભાજપના ૩૦ કોર્પોરેટરો હોવા છતાં કોઈનુ ઉપજતુ નથી ?



પ્રતિનિધિ,ગાંધીનગર

અંકલેશ્વર ભાજપનો ગઢ ગણાય છે શહેરી વિસ્તારના માળખાની જવાબદારી જેના શીરે છે તે નગરપાલિકામાં પણ ૩૬ માં થી ૩૦ કોર્પોરેટરો ભારતીય જનતા પાર્ટીના છે પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે કોર્પોરેટરોનુ નગરપાલિકામાં કંઈજ ઉપજતુ નથી, અથવા તો અધિકારીઓ તેઓનુ સાંભળતા જ નથી, આ જ દુઃખ સાથે નગર સેવકો અને ભાજપ સંગઠનના સભ્યો દ્વારા એક બેઠક યોજીને અધિકારીરાજ સામે હૈયાવરાળ ઠાલવી હતી. તો બીજી તરફ ચીફ ઓફીસરે એવુ પણ કહ્યુ હતુ કે ભાજપના કોર્પોરેટરો દ્વારા નિયમ વિરૂધ્ધ કામો કરાવવામાં આવતા હોવાને કારણે કોર્પોરેટરોના કામો થતા નથી,

ભરૂચ જિલ્લો જ ભાજપનુ ગઢ છે એવુ કહેવામાં લગીરે અતિશયોકીત નથી, પરંતુ પાલિકામાં અધિકારી રાજ થી કોર્પોરેટરો જ નારાજ છે. સાંસદ મનસુખ વસાવા પણ આ અધિકારી શાસન વિરૂધ્ધ ઘણીવાર આક્રોશ વ્યકત કરી ચુકયા છે. આવુ જ કંઈક હાલમાં અંકલેશ્વર પાલિકામાં જોવા મળ્યુ છે. અંકલેશ્વર નગરપાલિકાના ૩૦ પૈકી ૨૫ કોર્પોરેટરો અને સંગઠનના ૧૬ માં થી ૧૨ કોર્પોરેટરોની એક બેઠક મળી હતી જેમાં ખુદ પોતાની સરકારના જ અધિકારીઓ સામે નારાજગી વ્યકત કરી હતી. સીનીયર અને ભાજપના જ સત્તાધારી હોવા છતાં અધિકારીઓ પોતાનુ મનસ્વી વલણ અપનાવીને કોઈનુ સાંભળતા ન હોવાનુ દુઃખ વ્યકત કરી રહ્યા છે. જો પાલિકાના કોર્પોરેટરોએ જ પોતાના જાહેર કામ માટે અધિકારીઓને આજીજી કરવી પડી રહી છે. તો સામાન્ય પ્રજા માટે તો પોતાના કામ પાર પાડવા એ લોઢાના ચણા ચાવવા જેઓ ઘાટ ઘડાયો છે. આ ઘટનાથી ભાજપ મોવડી મંડળ સ્તબ્ધ બની ગયુ છે. પાલિકાના અને ભાજપ સંગઠનના સભ્યો જયારે બેઠકમાં ભેગા થયા ત્યારે તેઓએ આવનાર સમયમાં પાલિકાની ચુંટણી સમયે પ્રજા સમક્ષ મત માંગવા કયા મોઢે જવુ તેવી ચિંતા દર્શાવીને ભાજપ માટે પોતાની લાગણી વ્યકત કરી હતી. પોતાની જ પ્રજા સમક્ષ ભાજપ કોર્પોરેટરો માટે તમાચા મારીને ગાલ લાલ રાખવા જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ અંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે છેલ્લા ઘણા સમયથી અધિકારી શાસનથી કોર્પોરેટરો ચિંતિત છે ત્યારે પાલિકાના કોર્પોરેટરો અને ભાજપ સંગઠનના સભ્યોએ ભેગા મળીને આવનાર સમયમાં પક્ષને નુકશાન ન થાય તે માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત પાલિકા કોર્પોરેટરો અને સંગઠનના સભ્યોએ આ દુવિધા સામે આક્રોશ વ્યકત કર્યો હતો.

# ગુજરાત સરકારના કર્મચારીઓની નિવૃત્તિ મર્યાદા ૬૨ વર્ષ કરવા સમિતિની માંગ : રાજય સરકારનો આઉટસોર્સ ના ભરોસે વહિવટ ચાલી રહ્યો છે

### કેન્દ્ર સરકારની જેમ રાજયના કર્મચારીઓની વય નિવૃત્તિમાં વધારો કરો : રાજય કર્મચારી સંકલન સમિતિએ કરી માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની અનેક જગ્યાઓ ખાલી છે. દર વરસે જેટલા કર્મચારીઓ નિવૃત્ત થાય છે તેટલી જગ્યાઓ પણ ભરવામાં આવતી નથી, કોન્ટ્રાકટ બેઝ કર્મચારીઓની સંખ્યા વધતી જાય છે,

રાજય સરકાર સતત આઉટસોર્સ ના ભરોસે કામ કરી રહી છે. અનુભવી કર્મચારીઓની પણ ઘટ જોવા મળી રહી છે. ત્યારે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા કેન્દ્ર સરકારની જેમ રાજયના કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવા માંગ કરવામાં આવી છે. ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરતા જણાવ્યુ હતુ કે અગાઉ કર્મચારીઓને લગતી અનેક રજુઆતો કરવામાં આવી છે. જેમાં એક મુદ્દો રાજયના કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવાની માંગ છે. કેન્દ્ર માં ભાજપ ની સરકાર કાર્યરત છે જયારે ભાજપ શાસિત અનેક રાજયમાં સરકારી કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતના કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવા અમારી માંગ છે. હાલમાં સરકાર આઉટસોર્સ ના ભરોસે કામ કરી રહી છે. સરકારી કર્મચારી નિવૃત્ત થયા બાદ પણ તેમને કામગીરી કરવા માટે અનેક અનુભવીઓની અછત હોવાથી રાખવા પડે છે.

જયારે સરકારની અનેક ભરતીઓ વિવાદમાં પડતી હોવાથી ભરતી પ્રક્રિયા પણ સમયસર પુર્ણ થતી નથી. પરીણામે રાજયના નાગરીકોના કામ વિલંબમાં પડે છે જેથી કેન્દ્ર સરકારમાં ફરજ બજાવતા કર્મચારીઓની જેમ રાજય સરકારમાં ફરજ બજાવતા કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવા અમારી માંગ છે. સરકારમાં અનેક જગ્યાઓ ખાલી હોવા છતાં સમયસર ભરતી પ્રક્રિયા પુરી થતી નથી આ સમયમાં અનુભવી કર્મચારીઓની પણ ઘટ જોવા મળી રહી છે. ત્યારે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા કેન્દ્ર સરકારની જેમ રાજયના કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૨ વર્ષ કરવાની માંગ છે.

### વિસાવદરના ભાજપના ઉમેદવાર કિરીટ પટેલે મતદારોને રીજવવા મોડે મોડે વિડીયો પોતાના ફેસબુક પ્લેટફોર્મ પર મુકી કહ્યું વિસાવદરની જનતાએ કોઈના પણ ભ્રમમાં નથી આવવાનું અને મતદાન વિકાસના નામે કરવાનું છે



પ્રતિનિધિ,ગાંધીનગર

વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ જામ્યો હતો. મહત્વનુ છે કે ત્રણ પક્ષના ઉમેદવાર કોંગ્રેસમાંથી નિતીન રાણપરીયા છે, આમ આદમી પાર્ટીમાંથી ગોપાલ ઈટાલીયા છે અનો ભારતીય જનતા પાર્ટીમાંથી કિરીટ પટેલ આમ આ ત્રણ ઉમેદવારો છે. જેની વચ્ચે રસાકસીનો એક ખેલ રમાઈ ચુકયો.

છેલ્લી ઘડીએ કિરીટ પટેલે મતદારોને રીજવવા માટેનો એક વિડીયો પોતાના ફેસબુક પ્લેટફોર્મ પર મુકીનો કહ્યુ હતુ કે વિસાવદરની જનતાએ કોઈના પણ ભ્રમમાં નથી આવવાનુ અનો મતદાન વિકાસના નામે કરવાનુ છે. વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ જામ્યો હતો.

# આણંદ કલેકટર હનીટ્રેપ કાંડ માં મોટુ એકશન લેવાયું : સ્પાય કેમેરો ગોઠવનાર નાયબ મામલતદારની કરાઈ ધરપકડ




પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદના કલેકટરને હનીટ્રેપ માં વિવાદાસ્પદ જમીનની ફાઈલ કલીયર કરીને કટકી કરવાના કેસમાં હવે નાયબ મામલતદાર જે ડી પટેલની ધરપકડ કરવામાં આવી છે. કલેકટરની ઓફીસમાં સ્પાય કેમેરો ગોઠવનાર નાયબ મામલતદારની ધરપકડ કરવામાં આવી છે. જે ડી પટેલને અગાઉ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આણંદ કલેકટર કચેરીના રેકોર્ડ રૂમમાંથી ફાઈલ ગુમ થવાના મામલામાં મોટુ એકશન લેવાયુ છે. એલસીબી પોલીસે સસ્પેન્ડ નાયબ મામલતદાર જે ડી પટેલની ધરપકડ કરી છે જેણે ગેરકાયદેસર રીતે જમીન એન એ કરી સરકારને મોટી રકમનુ નુકશાન કર્યુ હતું. કલેકટરના હનીટ્રેપ ઘટના સરકારી ફાઈલો સાથે સંકળાયેલી હતી. કલેકટર કચેરીના રેકોર્ડ રૂમમાંથી ફાઈલ ગુમ કરી દેવાઈ હતી. ત્યારબાદ રેકોર્ડ શાખાના નાયબ મામલતદારે આણંદ ટાઉન પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. નાયબ મામલતદાર જે ડી પટેલ કલેકટર હનીટ્રેપ કેસના આરોપી છે. જેણે તાત્કાલીક આરએસી સાથે મળીને જે ડી પટેલે કલેકટરની ચેમ્બરમાં સ્પાય કેમેરો ગોઠવ્યો હતો. કલેકટરને બ્લેકમેઈલ કરી એન એ ફાઈલ પર સહી કરાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર વિવાદીત જમીનના કેસની ફાઈલ કલીયર કરવા આણંદ કલેકટર ઓફીસના કર્મચારીઓએ આખુ ષડયંત્ર રચ્યુ હતું જેની મુખ્ય સુત્રધાર કેતકી વ્યાસ નામની મહિલા હતી . રંગીન મીજાજી કલેકટરને ફસાવવા સ્ટીંગ ઓપરેશન કરાયુ હતું. કલેકટરની ગેરહાજરીમાં કેબીનમાં સ્પાય કેમેરા લગાવ્યા હતા. જે ડી પટેલ અને હરેશ ચાવડાએ સ્પાય કેમેરા ગોઠવ્યા હતા. આ માટે જે ડી પટેલ ૩ સ્પાય કેમેરા ઓનલાઈન ઓર્ડર કરીને મંગાવ્યા હતા. તો હરેશ ચાવડાએ હનીટ્રેપ માટે મહિલાની ગોઠવણ કરી હતી. અલગ અલગ દિવસે મહિલાને કલેકટરની ચેમ્બરમાં મોકલાઈ હતી. સ્ટીંગ ઓપરેશનમાં કલેકટરને ફસાવ્યા બાદ ધમકીઓનો દોર શરૂ થયો હતો. મહિલાએ કલેકટરને રેપ કેસ માં ફસાવવાની ધમકી આપી હતી. જમીન ફાઈલ કલીયર ન કરે તો વિડીયો વાયરલ કરવાની પણ ધમકી આપી હતી. કલેકટરે આરોપીઓની વાત ન માનતા વિડીયો વાયરલ કરી દેવાયો હતો. આણંદ કલેકટરની ચેમ્બર્સમાં સ્પાય કેમેરા ગોઠવી એક યુવતિને કલેકટરની ચેમ્બર્સમાં મોકલી યુવતિ સાથેની અશ્લીલ વિડીયો બનાવી કલેકટરને વિવાદી જમીનોની ફાઈલો કલીયર કરાવવા માટે બ્લેકમેલીંગ કરી તેમજ વિડીયો વાયરલ કરવાની ઘટનામાં એટીએસ પોલીસે સમગ્ર કાંડ નો પર્દાફાશ કરી તત્કાલીન નિવાસી અધિક કલેકટર કેતકી વ્યાસ, તત્કાલીન નાયબ મામલતદાર જયેશ પટેલ ઉર્ફે જે ડી પટેલ તેમજ વકીલ હરીશ ચાવડાની વિરૂધ્ધ ગુન્હો નોંધાયો હતો. જેમાં ૩ ને સસ્પેન્ડ કરાયા હતા. એલસીબીએ આરોપી જયેશ પટેલને સાથે રાખી તપાસ કરી હતી જેમાં જયેશ પટેલે સંદેશર કેનાલમાં વિડીયોની હાર્ડ ડીસ્ક ફેંકી દીધી હતી. તેણે પુરાવાનો નાશ કરવા હાર્ડ ડીસ્ક કેનાલમાં ફેંકી હોવાનુ બહાર આવ્યુ હતું.






# કંડલા પોર્ટમાંથી ટ્રકને બહાર કાઢવા ૯૮૫૦ની લાંચ લેતો કસ્ટમનો કર્મચારી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કંડલા

ગુજરાતમાં લાંચિયા અધિકારીઓને ઝડપી પાડવા માટે લાંચ રૂશ્વત બ્યુરો સક્રિય છે. રાજ્યમાં છાશવારે લાંચ માગતા અધિકારીઓ છઝમ્ના હાથે ઝડપાય છે. ત્યારે કસ્ટમ વિભાગનો કર્મચારી ACBના હાથે લાંચ લેતા ઝડપાયો છે. ACBએ વર્ગ-૩ના કર્મચારી જીગ્નેશ કેશવને ૯૮૫૦ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડ્યો છે. આરોપીએ કંડલા પોર્ટના ગેટથી ટ્રકને બહાર કાઢવા લાંચ લીધી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કંડલા કસ્ટમ વિભાગમાં હેડ હવાલદાર તરીકે ફરજ બજાવતો જિજ્ઞેશ કેશવે કંડલા પોર્ટના ગેટથી ટ્રકને બહાર કાઢવા લાંચ માગી હતી.કંડલા પોર્ટમા આવતા જતા માલ સામાનને કસ્ટમ કલીયરન્સ કરાવી કંટલા પોર્ટ પરથી માલ ટ્રકો મારફતે માલની અવરજવર થતી હોય છે. ફરિયાદી પોર્ટ પર ઓપરેશન ઈન્ચાર્જ તરીકે આ કામ સંભાળતા હોવાથી પોર્ટના ગેટ પરના કર્મચારી જિજ્ઞેશ કેશવે ફરિયાદીની કંપનીના એક ટ્રકને ગેટ પરથી બહાર કાઢવા ૫૦ રૂપિયા લેખે લાંચ માગી હતી.

બે મહિનામાં ફરિયાદીના ફૂલ ૧૯૭ ટ્રકની ટ્રીપ પેટે ૯૮૫૦ની આરોપી અધિકારીએ માંગણી કરી હતી. આ લાંચના નાણા ફરિયાદી આપવા નહીં માગતા હોવાથી તેમણે ગાંધીધામ એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ એસીબીએ અધિકારીને રંગેહાથ લાંચ લેતા ઝડપી પાડવા છટકુ ગોઠવ્યું હતું.